ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર , ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

Department of Science & Technology
Government of Gujarat

Phone : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ
અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.

Date : 10th October, 2020

પ્રતિ,
તંત્રી શ્રી,
.....,
ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર ભાવનગરના YouTube માધ્યમથી અને આપણું ભાવનગર સોશિયલ મીડિયા ગ્રુપ
ચેનલના ફેસબુક પેજ તથા ઇન્સ્ટાગ્રામ પેજ પર

'માસ્ક ઓન સ્માઈલ ઓન' લાઇવ વેબિનાર

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા રાજ્યભરમાં લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતુ કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

હાલની વૈશ્વિક મહામારી કોરોના સાથે સતત ચાલી રહેલ જીવન-મૃત્યુની લડાઈમાં સફળતા મેળવવવા સમગ્ર વિશ્વ પોતપોતાની રણનીતિ અને વિચારો દ્વારા લોકોને બચાવવાના અથાગ પ્રયાસો કરી રહ્યું છે. કોરોનાની રસી શોધવાના પ્રયાસો શરુ છે. પરંતુ ત્યાં સુધી ઈમ્યુનીટી અને સેલ્ફ પ્રોટેકશન જ આખરી વિકલ્પ અને કોરોનાથી બચવાનો શ્રેષ્ઠ ઉપાય છે. સમય સાથે લોકોએ સરકાર શ્રીના આદેશો અનુસાર લોકડાઉન, સોશિયલ ડિસ્ટન્સિંગ અને માસ્ક દ્વારા અત્યાર સુધી કોરોનાને ફેલાવતા અટકાવવામાં થોડા ઘણાં અંશે સફળતાઓ મેળવી છે. કોરોના સાથે રોજિંદુ જીવન કઈ રીતે જીવી શકાય એના ઉત્તમ ઉદાહરણો દર્શાવીને દેશને બચાવવા માટે અનેક લોકો સતત કાર્ય કરી રહ્યા છે.

પરંતુ, સમય સાથે ઉદભવતી તકલીફોને કારણે અમુક નાની અને જીણવટ ભરી બાબતોમાં ચૂક રહી જતા કોરોના વાઇરસ લોકો પર હાવી થઈ જવાનો ખતરો સતત વધી રહ્યો છે. આ નાની નાની કાળજી દ્વારા લોકો ફરી કોરોનાને હરાવી શકે તેવા હેતુ સહ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા સંચાલિત રાજ્યભરમાં સ્થાપિત લોક વિજ્ઞાન કેન્દ્રોના માધ્યમ વતી કોરોના સામેની લડતમાં લોકો સુધી પહોચવાના સક્ષમ પ્રયાસો કર્યા છે. જે પૈકી કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ચુઅલ માધ્યમથી લોકો સુધી અનેકવિધ પ્રોગ્રામો અને જાગૃતિ કાર્યક્રમો દ્વારા વધુમાં વધુ લોકો સુધી પહોચવામાં સક્ષમ બન્યું છે. તા.૧૧ ઓક્ટોબર,૨૦૨૦ ના રોજ સવારે ૧૦ કલાકે 'માસ્ક ઓન સ્માઈલ ઓન' વિષય પર શોર્ટ વિડીયો વેબિનાર KRCSC Bhavnagar ની YouTube ચેનલ પર, આપણું ભાવનગર સોશિયલ મીડિયા ગ્રુપ ચેનલના ફેસબુક પેજ તથા ઇન્સ્ટાગ્રામ લાઈવ દ્વારા લોકોને માહિતી આપવામાં આવશે.

વધુ માહિતી માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર ફોન : 8866570111 પર સંપર્ક કરી શકાશે.

10-10-2020
2!20PM

(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.